ગાંધીનગર સમાચાર

વાહનમંત્રીએ આર.ટી.ઓ. કચેરીના ડ્રાઇવીંગ ટ્રેકનુ નિરિક્ષણ કર્યુ

# જિલ્લાના પાંચ નાયબ મામલતદારોની બદલી

ગાંધીનગર, તા. ૧

જિલ્લા કલેક્ટર કચેરીના પાંચ નાયબ મામલતદારોની બદલીના હુકમો આજે સાંજે જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલ દ્વારા આજે કરાયેલ બદલીના હુકમોમાં નિરંજન ગોરને મહેકમના નાયબ મામલતદારમાંથી બદલી મનોરંજન શાખામાં, દહેગામ મામલતદાર કચેરીમાં મધ્યાહન ભોજન યોજનાના નાયબ મામલતદાર તરૂબેન પટેલને નાયબ મામલતદાર મહેકમ તરીકે, એ.વી. આસને પ્રાંત કચેરીના શિરસ્તોદારમાંથી બદલી સ્ટેમ્પડ્યુટીના નાયબ મામલતદાર તરીકે, સ્મીતાબેન ગઢીયાને સ્ટેમ્પડ્યુટીમાંથી બદલી ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે નાયબ મામલતદાર તરીકે અને ડી.બી. રાવલ નાયબ મામલતદાર એટીવીટી ગાંધીનગરને બદલી શિરસ્તેદાર પ્રાંત ગાંધીનગર ખાતે મુકવામાં આવ્યા છે.

મધ્યાહન ભોજન યોજનાના નાયબ મામલતદાર દહેગામનો ચાર્જ જીગરભાઈ પરમાર નાયબ મામલતદાર (મતદારયાદી)ને તેમજ ડી.બી. રાવલની બદલી થતાં તેમની જગ્યાનો વધારાનો હવાલો શ્રીમતિ એચ.એન. જોશી નાયબ મામલતદાર વસુલાતને સોંપવામાં આવશે તેમ પણ આ હુકમમાં જણાવવામાં આવ્યું છે.

હાલ જિલ્લા વહીવટીતંત્રમાં ઘણી બધી જગ્યાઓ નાયબ મામલતદારની ચાર્જમાં ચાલી રહી છે. જિલ્લામાં નાયબ મામલતદાર સંવર્ગની ૧૦થી પણ વધુ જગ્યાઓ હાલ ખાલી છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા

**મિત્રતાના નાતે રૂ ૧૦ લાખ ઉછીના આપ્યા હતા**

ગાંધીનગર તા ૧

મિત્રતાના નાતે રૂ ૧૦ લાખ હાથઉછીના આપવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવાના હુકમ કર્યો છે. કોર્ટે આરોપીને રૂ ૫ હજારનો દંડ ચુકવવા પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામમાં રહેતા ઘનશ્યામ પોપટભાઈ પટેલ તેમજ સે-૭ સી માં રહેતા અર્જુનસિંહ છત્રસિંહ બિહોલા જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી બન્ને વચ્ચે મિત્રતાના સંબંધો કેળવાયેલા હતા. જયારે મિત્રતાના નાતે જુન ૨૦૧૫માં ઘનશ્યામભાઈ પટેલ પાસે અર્જુનસિંહ છત્રસિંહે ૧૦ લાખ રૂપિયા હાથઉછીના આપવા માંગ કરી હતી. આ રકમ ફરિયાદીને ત્રણ માસમાં ચુકવી આપવાનો ભરોસો પણ આપ્યો હતો.લેંણી રકમ પેટે આરોપીએ ચેક આપ્યો હતો. આ ચેક ખાતામાં જમા કરાવતા બેંકમાંથી પરત થયો હતો. જેથી આરોપી વિરુધ્ધ ગાંધીનગરની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સટુમેન્ટની એકટ કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડીશ્નલ ચીફ

● અનુસંધાન પાન-૫ પર

# ૐ નમઃ પાર્વતી પતેય - હર હર મહાદેવ



# શહેરમાં શ્રાવણ માસના છેલ્લા દિવસે શિવાલયોમાં ભારે ભીડ

ગાંધીનગર, તા.૧

પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે શહેરના શિવાલયો-શિવભકતોથી ઉભરાયા હતા. ધોળેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ સહિતના શિવ મંદિરોમાં પૂજન અર્ચનના કાર્યક્રમો યોજાયા હતા. અનેક શિવાલયોમાં હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરાયું હતું તો શિવ મહિમ્નના પાઠ અનેક સ્થાનો પર યોજાતા સમગ્ર માહોલ ધાર્મિક બન્યો હતો.

આજે શ્રાવણ માસના અંતિમ દિવસે શિવાલયો અને મંદિરોમાં વહેલી સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. ભાવિકોમાં શ્રાવણ માસનું ખુબ મહાત્મ્ય છે. ઘણા ભાવિકો સમગ્ર માસ દરમિયાન ઉપવાસ કરી શિવ આરાધના કરે છે. આજે શ્રાવણ માસના અંતિમ દિવસે ભાવ ભકિતનો માહોલ જોવા મળ્યો હતો. દુગ્ધાભિષેક અને જલાભિષેક તથા શિવપૂજા માટે ભાવિકોએ વહેલી સવારથી જ શિવાલયોમાં ભીડ જમાવી દીધી હતી. શિવાલયો-શિવમંદિરોનો ફુલોના વિવિધ સાજ શણગારથી સજાવવામાં આવ્યા હતા.

શહેરની નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર, ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, ઓમકારેશ્વર મંદિર તથા વાસણિયા મહાદેવ મંદિર જેવા જાણીતા શિવાલયોમાં તો જાણે મેળો જામ્યો હોય તેટલી ભીડ જોવા મળી હતી.

હોમાત્મક લઘુરૂદ્ર, શિવ મહિમ્ન પાઠ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સમગ્ર દિવસ દરમિયાન યોજાયા હતા. સાંજે ઘણા સ્થળોએ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે જાણે ભકિતનું ઘોડાપુર ઉમટયું હતું.

# ગ્રામ્ય વિસ્તારમાં સાત લાખથી વધુ લોકોને મેલેરિયાના સર્વેલન્સમાં આવરી લેવાયા

**૨ હજારથી વધુ સ્થાનો પરથી મચ્છરોના લારવા મળી આવ્યા : નવસોથી વધુ લોકોને તાવ જણાતાં લોહીના નમૂના લેવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસો શોધવાના ચાલી રહેલા સર્વેલન્સમાં આજ સુધીમાં ૧૩૦ જેટલા ગામોમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. ૬ લાખથી પણ વધુ વ્યક્તીઓને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૭૦થી વધુ ટીમો દ્વારા ૭૧ ગામોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જે દરમ્યાન ૨,૬૬,૨૬૮ વ્યક્તીઓને આવરી લેવામાં આવેલ છે.

આ ટીમો દ્વારા ૯૭૯ લોકોને તાવ જણાતાં તેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે. આ સર્વલન્સ દરમ્યાન ૨૦૫૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના લારવા પણ મળી આવતાં તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી હતી. આ ટીમોએ ૫૪,૨૦૬ ઘરની મુલાકાત લીધી હતી.

જિલ્લામાં હાથ ધરાયેલ આ સર્વેલન્સને પગલે મેલેરિયા અંગે જનજાગૃતિ લોકોમાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે સ્વચ્છતા તેમજ મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો ઉભા ના થાય તે માટે લોકો કટિબદ્ધ બન્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તળાવો ઉપરાંત ત્રણ હજારથી પણ નોનયુઝ ટાંકાઓ જે હતા તેમાં પોરાભક્ષક માછલી ગ્રામજનો દ્વારા મુકવામાં આવી છે. જે સફળ જનજાગૃતિ અભિયાનનો પુરાવો છે.

જિલ્લાના ગ્રામ્ય તળાવોમાં પણ પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શરૂઆતના બે દિવસની ધીમી કામગીરી બાદ હવે સર્વેલન્સમાં ગતિ આવી છે અને ૩જી સુધીમાં જિલ્લામાં આ સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોમાંથી કરી રહ્યા છે.

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આજે ગુજરાતમાં

અમદાવાદ, તા.૧

ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યું છે કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજથી આવતીકાલના એક દિવસીય ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. અમિત શાહ આવતીકાલે બીજી સપ્ટેમ્બર ૨૦૧૬નો શુક્રવારના રોજ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સાંજના મુલાકાતે આવશે. અમિત શાહ આજે રાત્રે અમદાવાદ આવશે અને આવતીકાલ સુધી ગુજરાતમાં રોકાશે. આ ઉપરાંત પ્રદેશ પ્રભારી ડો. દિનેશ શર્મા પણ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

# વાહનમંત્રીએ આર.ટી.ઓ. કચેરીના ડ્રાઈવીંગ ટ્રેકનુ નિરિક્ષણ કર્યુ

**વાહનવ્યવ્હાર મંત્રીએ આર ટી ઓ કચેરી અને ડેપો સંકુલની મુલાકાત લીધી કચેરીની કામગીરી તેમજ સ્વચ્છતા સહીતના મુદ્દે રાઉન્ડ લીધો**

ગાંધીનગર તા ૧

વાહન વ્યવ્હાર મંત્રીએ આજે નગરની હાઈટેક આર ટી ઓ કચેરીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ પણ તેમણે નિરિક્ષણ કર્યુ હતુ. તેમણે પેન્ડીંગ આર સી બુકના મામલે પણ જવાબદાર અધિકારીઓને પૃચ્છા કરી હતી.હાલ ૩ હજાર જેટલી આર સી બુક પેન્ડીંગ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. વાહનવ્યવ્હાર મંત્રીએ આ દરમિયાન ગાંધીનગરના એસ ટી



ડેપોની પણ મુલાકાત લીધી હતી. જયાં વર્કશોપમાં ફાટેલા ટાયર અને ભંગારનો કાટમાળ દુર કરવા સુચના આપી હતી. તેમજ સફાઈ કામગીરીની યોગ્યતા ચકાસવા પણ રાઉન્ડ લીધો હતો.

વાહન વ્યવ્હાર મંત્રી વલ્લભભાઈ કાકડિયાએ આજે નગરની હાઈટેક આર ટી ઓ

● અનુસંધાન પાન-૫ પર

વધે નામના તમારી, એવી શુભકામના અમારી



શ્રી અરવિંદભાઈ રમણિકભાઈ વાઘેલાને એસબીઆઈ લાઈફ ઈન્સ્યુરન્સમાં વર્ષ૨૦૧૫-૧૬માં એમ.ડી.આર.ટી.ની સિદ્ધિ તથા કન્ટ્રી હેડ ક્લબમાં સ્થાન પ્રાપ્ત કરવા બદલ ગાંધીનગર એસબીઆઈ લાઈફ ઈન્સ્યુરન્સ પરિવાર અભિનંદન પાઠવે છે. શ્રી અરવિંદભાઈ વાઘેલા તેમના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના સર્વોચ્ચ શિખરો પ્રાપ્ત કરતા રહે તેવી શુભકામનાઓ સહ...

લિ.
સાકીર હુસેન દિવાન
એજન્સી મેનેજર
એસબીઆઈ લાઈફ ઈન્સ્યુરન્સ
ગાંધીનગર શાખા પરિવાર





અભિનંદન!

માનનીય શ્રી શંકરભાઈ ચૌધરી
મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (સ્વતંત્ર હવાલો)
પ્રભારી મંત્રીશ્રી, અરવલ્લી જિલ્લો

ગુજરાત રાજ્યનાં માનનીય અરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબને અરવલ્લી જીલ્લાના પ્રભારી બનવા બદલ અભિનંદન, શુભેચ્છાઓ.
આપના કુશળ અને અનુભવી નેતૃત્વમાં આપણો જીલ્લો ગતિશીલ બનશે એ વિશ્વાસ છે.
આપનું માર્ગદર્શન જીલ્લાનાં સંગઠનમાં, કાર્યકર્તાઓમાં વહીવટી ક્ષેત્રે ઉત્સાહ અને ચેતનાનો પ્રવાહ વધારશે.

શ્રી વરૂણભાઈ એસ.પટેલ
પ્રમુખ બાયડ નગરપાલીકા



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com